ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સુધારા ઠરાવક્રમાંક:પરચ-૧૦૨૦૧૪-યુઓઆર-૦૬-(પાર્ટ-૧)-સ,

સચિવાલય, ગાંધીનગર

તારીખ:- ૨૩/૦૪/૨૦૧૮

**વંચાણેલીધા:-**

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૪-યુઓઆર-૦૬-સ તા. ૦૭-૧૦-૨૦૧૫

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૪-યુઓઆર-૦૬-સ તા. ૦૫-૦૪-૨૦૧૬

(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૪-યુઓઆર-૦૬-સ તા. ૦૪-૦૬-૨૦૧૬

**આમુખ:-**

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી વંચાણે લીધેલ ઠરાવ (૧) થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ થી **'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના'** અમલમાં મુકવામાં આવેલ છે.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો લાભ મેડીકલ માટે વધુમાં વધુ તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને મળે તે માટે પરસેન્ટાઈલના ધોરણો હળવા કરવા બાબતની રજુઆતો રાજ્ય સરકારને મળેલ હતી.

આથી ઉકત ઠરાવ ક્રમાક:૩ ની MBBS માં પ્રવેશ મેળનાર વિદ્યાર્થીઓ માટે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

**સુધારા ઠરાવ:-**

(૧) MBBS માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે નીટના (NEET) આધારે પ્રવેશ મેળવેલ હોય તથા જોગવાઇ ક્રમાંક:-૦૩ માં દર્શાવેલ આવક સુધીની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા હોય તેવા વાલીઓના સંતાનો આ સહાય મેળવવા માટે લાયક ગણાશે.

(૨) અન્ય કેટગરીના વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારના આ અંગેના ઉકત ક્રમાંક:૩ ના ઠરાવ તા. ૦૪-૦૬-૨૦૧૬ની જોગવાઇઓ યથાવત રહેશે.

(૩) ઉપર જણાવેલ સુધારાનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી કરવાનો રહેશે. વંચાણે લીધા ક્રમ(૧) અને (૨) સામે દર્શાવેલા આ વિભાગના ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૬/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી. પી. મેનપરા )
ઉપ સચિવ
શિક્ષણવિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય
- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મહેસુલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ સચિવાલય
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાતરાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઇલ./સિલેક્ટ ફાઇલ.